તા. ૭/૧/૨૦૨૦ - મંગળવાર - આજ-કાલ

ગોરીયા, રાયધનભાઈ બરારિયા, પરબતભાઈ

# નાગનાથ ગેઈટથી સાત રસ્તા સુધી ફ્લાઈઓવર બનાવવા ચેમ્બરની માંગ

## મુખ્યમંત્રી અને મ્યુનિ. કમિશનરને પત્ર પાઠવી રજૂઆત કરાઈ

**આજકાલ કાર્યાલય**
**જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ. દ્વારા ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર પાઠવી રજુઆત કરવામાં આવેલ કે જામનગર મહાતનગરપાલિકા દ્વારા જામનગરના ઈન્દીરા સર્કલ નજીક ગુરૂદ્વારા જંકશનથી અંબર જંકશન સુધી ફ્લાઈ ઓવર બનાવવા ગુજરાત સરકારને કરવામાં આવેલ દરખાસ્તને ગુજરાત સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ છે. પરંતુ હાલ જામનગર શહેરમાં દિન પ્રતિદિન વધતી જતી વસ્તી તથા તેના કાણેવધતી જતી વાહનોની સંખ્યાને લીધે જામનગર શહેરના દરેક વિસ્તારોમાં ટ્રાફીકની સમસ્યા ખુબ જ વધતી જાયછે. વધુમાં જામનગરની નજીક આવેલ મોટી ઈન્ડસ્ટ્રીઝો જેવી કે, રિલાયન્સ ઈન્ડ. લિ., નયારા એનર્જી, જી.એસ.એફ.સી. તથા એરપોર્ટ વિગેરે તેમજ જામનગર શહેરની આસપાસ આવેલ જી.આઈ.ડી.સી.માં વિવિધ ઔદ્યોગિક એકમોના વિકાસથી શહેરમાં વાહનોની અવરજવર ખુબ જ વધી ગયેલ છે. વધુમાં આ રોડ પવિત્ર યાત્રાધામ દ્વારકા તથા ઓખાને જોડતો રાજ્ય ધોરીમાર્ગછે. આમ જામનગરમાં ગુરૂદ્વારા જંકશનથી અંબર જંકશન સુધીનો ફ્લાઈ ઓવર બનવાથી કાયમી ધોરણે ટ્રાફીક સમસ્યાનું નિકાકરણ આવશે નહીં. પરંતુ જો ભવિષ્યના વિકાસ તથા વસ્તી તેમજ હદ વધારાને ધ્યાને લેવામાં આવે અને નાગનાથ ગેઈટ (સ્મશાન) ચોકડીથી સાત રસ્તા સુધીનો ફ્લાઈ ઓવર બનાવવામાં આવે તો આગામી સમયમાં ફરીથી ટ્રાફીક સમસ્યાનો પ્રશ્ન નહીં રહે અન્યથા આગામી સમયમાં પરિસ્થિતિ પહેલા જેવી જ ઉદભવશે અનેસદર ફાઈ ઓવર બીન ઉપયોગી રહેશે અનેપછીથી આ ફ્લાઈ ઓવરની લંબાઈ વધારી શકાશે નહીં આ અંગે ચેમ્બર ઓફ કોમર્સના માનદમંત્રી અક્ષત વ્યાસએ રાજ્યના મુખ્યમંત્રીને લેખિત રજુઆત કરી છે.

જામનગર મહાનગરપાલિકા તથા જામનગર ચેમ્બર દ્વારા અગાઉ નાગનાથ ગેઈટ (સ્મશાન ચોકડી) થી સાત રસ્તા સુધી ફ્લાઈ ઓવર બનાવવા રજુઆત કરવામાં આવેલ હતી. તેમજ ગત વર્ષ ૨૦૧૬માં તત્કાલીન રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી દ્વારા પણ સુભાષચંદ્ર બોઝની પ્રતિમાંથી સાત રસ્તા સર્કલ સુધી ફોર ટ્રેક ફ્લાઈ ઓવર બ્રીઝ બનાવવાની સતાવાર જાહેરાત કરવામાં આવી હતી અને આ અંગેની યોજનાને રાજ્ય સરકાર દ્વારા પણ વિધિવત મંજુરી આપવામાં આવેલ હતી અને આ યોજના અંગે ટેન્ડર પ્રક્રિયાનો આરંભ પણ કરવામાં આવેલ હતો. પરંતુ કોઈપણ કારણોસર આ ફ્લાઈઓવરનું કામકાજ શરુ થઈ શકેલ નથી. આથી ઉપરોકત બાબતે પુનઃવિચારણા કરવામાં આવે અને નાગનાથ ગેઈટ (સ્મશાન ચોકડી) થી સાત રસ્તા સુધીના માર્ગ ઉપર જો ફ્લાઈ ઓવર બનાવવામાં આવે તો રાજકોટ તરફથી આવતા અને દ્વારકા તરફ જવા ઈચ્છતા તથા સાત રસ્તાથી રાજકોટ તરફ જતા વાહન ચાલકોને તથા મુસાફરોને સીધે સીધો ટ્રાફીક વગરનો રસ્તો મળી રહેશે જેથી હાલની તથા ભવિષ્યની ટ્રાફીક સમસ્યાનું નિવારણ આવશે તેવી રજુઆત કરવામાં આવેલ છે. વધુમાં આ અંગે ચેમ્બર દ્વારા જામનગર મહાનગરપાલિકાના માન. કમિશનર સતિશ એ. પટેલ તથા મેયર હસમુખભાઈજેઠવાને પણ રજુઆત કરવામાં આવેલ છે.